# પ્રસ્તાવના

# પ્રસ્તાવના
# Preface

લોકપરંપરાઓમાં ત્યાંથી પ્રજાની આત્મકથાનો મહત્ત્વનો ભાગ રજૂ થતો હોય છે. પ્રજાની રહેણી-કરણી, રીત-રસમો, માન્યતાઓ, વિધિઓ, પર્વ-તહેવારોની ઉજવણી એ બધું જ લોકપરંપરાઓમાં પ્રતિબિંબિત થતું હોય છે. પોતાની જીવનયાત્રા દરમ્યાન પ્રજાએ જે કંઇ સંસ્કાર મૂડી સંચિત કરી હોય તે તેવી લોકપરંપરાની મહામૂલી ગઠડી છે. લોકપરંપરાઓમાં લોકજીભે રમતું, લોકકંઠે જીવતું સાહિત્ય, કોણ જાણે તે કૃતિ ક્યારે રચાઇ હશે, પણ જમાને જમાને બદલાતી ભાષામાં લોકજીભે એનું રૂપાંતર થતું આવતું હોઇ અત્યારે બોલાતી ભાષામાં એ સાંભળવા મળે છે. અલબત્ત, લોકપરંપરા એ લોકકંઠની હલક દ્વારા અને નહિ કે પોથીઓમાં જીવતું હોઇ, સ્થળ સ્થળની જુદી જુદી લોકપરંપરાઓમાંથી એ મળે છે.

લોકપરંપરાઓએ નિરક્ષર, આદિમ, પછાત લોકોનું જ સાહિત્ય છે એવું નથી. ભણેલા-ગણેલા સભ્યવર્ગના સંસ્કારજીવનમાં પણ લોકપરંપરાઓ ભાગ ભજવતી હોય છે અને ગીતો, કથાઓ, કહેવતો, હાલરડાં, ઉખાણાં, રીત-રિવાજો આદિરૂપે જીવતું પણ હોય છે. લોકપરંપરાઓના રચયિતાઓ અનામી છે. કેટલીક જાતિઓનું લોકસાહિત્ય લિપિબદ્ધ થયું હોતું નથી. એટલું જ નહિ પણ કોઇ કોઇ જાતિને કોઇ જાતની લિપિનો પણ પરિચય સુધ્ધાં હોતો નથી. ભણેલા લોકોમાં સાહિત્યકૃતિઓ રચાઇ-સચવાઇ તેના રચનારાઓનાં નામ પણ સચવાયાં છે. એ સાહિત્ય સભાનપણે કલાપ્રવૃત્તિ અથવા તો જ્ઞાનપ્રવૃત્તિ તરીકે ખેડાયું હોય છે અને એમાનો જૂજ ભાગ જ લોકસાહિત્ય જેટલો બહજન્ય ભોગ્ય હોય છે.

ઉત્તર ગુજરાતની લોકપરંપરાઓની વાત કરીએ તો તે તેના વિવિધ પથકોને પરંપરાથી પોત-પોતાના વિશિષ્ટ નામોથી વહેંચાયેલી છે. ભૌગોલિક દૃષ્ટિએ ઉત્તર ગુજરાત એટલે ગુજરાતની ઉત્તર આવેલાં મહેસાણા, સાબરકાંઠા, બનાસકાંઠા, પાટણ, અરવલ્લી એમ

પાંચ જિલ્લાઓનો વિસ્તાર, આ પાંચ જિલ્લાઓના ભૌગોલિક વિસ્તારમાં આવેલા જુદા-જુદા પંથકોને પરંપરાથી જુદા-જુદા નામોથી ઓળખવામાં આવે છે. જેમકે, પાટ આસપાસનો પાટણવાડો, બહુચરાજી આજુબાજુનો ચુંવાળ, ખેરાલુથી ઉત્તરે આવેલો ગઢવાડો, દાંતાની આસપાસનો દાંતોર, પાલનપુર-વડગામ વચ્ચેનો પ્રદેશ તે ધાંધાર (ધાન્ધાર), સમી-હારીજ આસપાસનો વઢિયાર, થરા-શિહોરી આસપાસનો કાંકરેજ, કડી, કલોલનો કેટલોક ભાગ ખાખરિયો ટપ્પો, ઈડર-વડાલી આસપાસનો દેહ કે દેહ પ્રદેશ, તો લોકકથા કે લોકપરંપરાની તમામ સામગ્રીમાં જે તે પંથકો કે પ્રદેશો અહીં જણાવ્યા છે તે તેના પરંપરાગત નામોથી ઓળખાય છે. ગવાય છે કે કથાય છે. આ જુદા-જુદ પંથકોમાં વસતા લોકોના ખાનપાન, રીત-રિવાજ, પહેરવેશ, ખાસિયતો, બોલી અને પોતાના ઘટના રાચરચીલાની સામગ્રીમાં પણ થોડી થોડી ભિન્નતા જોવા મળે છે. આ જુદા-જુદા પંથકોમાં ભૂપૃષ્ઠ, પ્રકૃતિ, વૃક્ષો, બેલાઓ અને હવામાનમાં પણ થોડી થોડી ભિન્નતા જોવા મળે દરેક પંથકની આગવી ઓળખી સમા વૃક્ષો પણ અલગ-અલગ જોવા મળે છે. એટલે કે તેની પ્રકૃતિ પણ થોડે ઘણે અંશે ભિન્ન ભિન્ન છે. આ કારણે જ ઉત્તર ગુજરાતની લોકપરંપરાઓના અભ્યાસીઓ માટે ઉત્તર ગુજરાતના જુદા-જુદા પંથકોની પ્રકૃતિ, ભુપૂષ્ઠ અને લોકજીવનને અભ્યાસ જે-તે પ્રદેશના લોકગીતો કે લોકવાઙમયની કૃતિઓને સમજવા માટે ચાવીરૂપ બની રહે છે.

ખાસ કરીને લોકપરંપરા કે લોકસાહિત્યનો જુદા-જુદા સ્વરૂપોનો અભ્યાસ મુખ્યત્વે પાંચ-છ પ્રકારે થતો જોઈ શકાય છે. આવા અભ્યાસો મુખ્યત્વે લોકસાંસ્કૃતિ દષ્ટિએ નૃવંશ શાસ્ત્રીય દષ્ટિએ, સમાજશાસ્ત્રીય દષ્ટિએ, ઐતિહાસિક દષ્ટિએ, સાહિત્યિક દષ્ટિએ અને બોલી વિહાનની દષ્ટિએ થતા હોય છે. ઉત્તર ગુજરાતનો લોકપરંપરાઓમાં સંગીતની દષ્ટિએ વિચાર કરીએ તો તે ત્રણ દષ્ટિએ વિશેષ પ્રમાણમાં થયો છે. ઉત્તર ગુજરાતના લોકગીતો સ્વરૂપની દષ્ટિએ અને વિષયની દષ્ટિએ અપરંપાર વૈવિધ્ય ધરાવે છે. સ્વરૂપની દષ્ટિએ આનર્તના લોકગીતો લોકાખ્યાનથી માંડીને નાના-નાના જોડકણાં સુધીના અનેકવિધ પ્રકારે ગવાતા સાંભળવા મળે છે. જેવા કે લોકાખ્યાન, રાસડા (કથાગીતો, ગીતકથાઓ) ગરબા-ગરબી, હાલરડાં, ફટાણાં, જોડકણાં, રમતગીતો, સલોકા, રામગીતો કે કોશગીતો મરશિયાં વગેરેમાં

વિષય વૈવિધ્ય ખૂબ ગજબ છે. પ્રકૃતિ, જગત, બ્રહ્માંડ, નક્ષત્રો, સૂર્ય, ચંદ્ર, તારા, વૃક્ષો, બેલાઓ, વનસ્પતિઓ, ભુપૃષ્ઠ, ઈશ્વર, દેવ-દેવીઓ, પશુ, પક્ષીઓ, માનવ સર્જિત ભૌતિક પદાર્થો, વ્યક્તિઓના વિવિધ સંબંધો વગેરે વિશે કેટકેટલાય લોકગીતો ગવાયા છે.

**''ઓતર દાખણની ચઢી રે વાદળી રે, મારી લઈજી**
**લ્યો ચડીઆ ચડીઆ અસાઢીયા મેઘ મારી બાઈજી લ્યો.''**

(મું તો ઢોલે રમું, પૃ. ૧૭૧)

**''વલ્લાનું માંદુ ચટાચટ બોલે,**
**આકડાનું પાંદુ બોબડું બોલે રે.''**

**''બાર બાર વરસે મેડી ચુવે,**
**ચંદા લહેરે જાય જો,**
**નદીઓના ડોળાં પાણી**
**સરોવર ઝીલવા જાય જો.''**

**''ચંદ્રજી જોયા, મેં તો સૂર્યજી જોયા,**
**નવલખ તારા મણી વળી,**
**ક્યાં જાઉં રે વેરણ રાત પડી!''**

**''ફાગણ મહિને ફળફૂલ ફાલિયા રે,**
**ફાલ્યા કેસરિયા ઝાડ**
**ગોકુળ આવો સરી રામજી રે.''**

સમગ્ર ઉત્તર ગુજરાતની મોટાભાગની જ્ઞાતિઓનું મૂળ પગેરું કે માદરે વતન ઉત્તર ગુજરત રહ્યું છે. ઉત્તર ગુજરાતમાંથી અનેક જ્ઞાતિઓએ ગુજરાતના ખૂણે ખૂણે કાળક્રમે વિવિધ કારણોસર સ્થળાંતર કર્યું છે. હજી પણ અહીંથી પ્રજા સ્થળાંતરો કરતી રહી છે. આ કારણે ઉત્તર ગુજરાતમાંથી ગીતો, કથાઓ અને પરંપરાઓ સમગ્ર ગુજરાતમાં વિસ્તરી છે. તેના બોલતા પુરાવા જોઈએ તો સમગ્ર ગુજરાતની જુદી-જુદી જ્ઞાતિઓની કૂળદેવીઓ અને કૂળ દેવતાઓના સ્થાનકો ઉત્તર ગુજરાતમાં આવેલાં છે.

જેમ કે કડવા પાટીદારોના કૂળદેવી ઉમિયા માતાજી ઊંઝામાં આવેલાં છે. જેમના વહીવંચા બારોટોના ચોપડા એમ હે છે કે આ પ્રજા ઉત્તર ગુજરાતમાંથી સમગ્ર ગુજરાતભરમાં ફેલાઈ છે. તો સમગ્ર નાગર જ્ઞાતિના કૂળદેવતા હાટકેશ્વર વડનગર (તા. ખેરાલુ)માં આવેલા છે. આજે પણ સમગ્ર ગુજરાતના નાગરો ત્યાં પોતાના કૂળદેવતાના દર્શનાર્થે આવે છે. તો સમગ્ર ગુજરાતના મોઢ વાણિયા, મોઢ પટેલો અને મોઢ બ્રાહ્મણોના કૂળદેવી મોઢેશ્વરી માતા મોઢેરા (તા. ચાણસ્મા)માં આવેલા છે. તો સમગ્ર વાયડા બ્રાહ્મણો, વાયડા, વાણિયા, વાયડા પંચાલોના કૂળદેવી વાયડેશ્વરી માતા વાયડ (પાટણથી ૨૦ કિ.મી. દૂર) ગામે આવેલા છે. સૌરાષ્ટ્રમાં વસતા કનોડિયા બ્રાહ્મણોના કૂળદેવી બહુસ્મરણા માતા કનોડા (તા. ચાણસ્મા) માં આવેલા છે. સમગ્ર ગુજરાતના નાયી (લીંબાચીયા) જાતિના કૂળદેવી લીંબચ માતા પાટણ મુકામે આવેલ છે. તો ચારણો કે ગઢવીઓ પણ રાજસ્થાનમાંથી આવી ઉત્તર ગુજરાતમાં પેઢીઓ સુધી રોકાઈને સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં પ્રવેશ્યા છે. ટૂંકમાં સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં કેટલીય જ્ઞાતિઓ મૂળભૂત રીતે ઉત્તર ગુજરાતની મૂળ વતની છે. સ્થળાંતર કરનારી આ પ્રજાઓ પોતાની સાથે માત્ર પોતાની ઘરવખરી, સરસામાન કે ઢોર-ઢાંખર જ લઈ જતી ન હોતી, પરંતુ તે પોતાની સાથે પોતાની માન્યતાઓ તહેવારો, વહેવારો, પરંપરાઓ ઉત્સવો, ગીતો, મેળાઓ, કથાઓ, પોશાકો વગેરે ઘણું બધું લઈ જતી હતી. આ કારણે ઉત્તર ગુજરાતને સમગ્ર ગુજરાતની લોકસંસ્કૃતિનું પિયર છે.

અને, એટલા માટે જ મને ઉત્તર ગુજરાતની લોકપરંપરાઓનો સાંગીતિક

વિશ્લેષણાત્મક અભ્યાસ કરવાની ઈચ્છા ઉદ્‌ભવી મારા આ સંશોધનમાં મેં સર્વપ્રથમ ઉત્તર ગુજરાતના ભૌગોલિક સ્થિતિની જાણકારી આપી છે. ઉત્તર ગુજરાતની તાસીરને તેના ભૂપૃષ્ઠને, તેના વનસ્પતિ, પાક, પશુ, પંખીઓને સમજવા ખૂબ જરૂરી છે. ત્યારબાદ તેની સામાજિક સ્થિતિની જાણકારી આપી છે. કેમ કે જે જ્ઞાતિના લોકો વચ્ચે લોકસાહિત્યની સામગ્રીને પામવાની મથામણ કરીએ, તેનું સામાજિક માળખું પણ  અભ્યાસ કરવો પડે. આટલી સુજ્જતા ઉળવ્યા પછી જ 'લોક' વચ્ચે જવું પડે છે. બીજા પ્રકરણમાં લોકપરંપરા કોને કહેવાય અને ઉત્તર ગુજરાતમાં કઈ કઈ લોકપરંપરાઓ અસ્તિત્વ ધરાવે છે. તેની જાણકારી આપી છે. ત્યારબાદ તૃતીય પ્રકરણમાં તે લોકપરંપરાના સંગીતનો અભ્યાસ કરવા માટે લોકસંગીત અને તેના પ્રકારોની ચર્ચા કરી છે. ત્યારબાદ ચતુર્થ પ્રકરણમાં લોકપરંપરાઓમાં સંગીતનો વિશ્લેષણાત્મક અભ્યાસ કર્યો છે. લોકપરંપરાઓમાં થવાતા ગીતોને લિપિબદધ કરવાનો પ્રયત્ન કર્યો છે.

**સમ્યક આર. પારેખ**